



## મોડાસા ભાજપા દ્વારા પુત્તિંગલ મંદિરમાં મૃત્યુ પામેલા લોકોને શ્રદ્ધાંજલિ અપાઈ

કેરળના ડોલ્લમાં આવેલ પુત્તિંગલ દેવીના મંદિરમાં શનિવારે મોડી રાત્રે ૩.૩૦ વાગ્યે આતાશબાજીના કારણે આગ ફાટી નિકળતા ૧૧૫ લોકોના મૃત્યુ અને ૩૮૦થી વધુ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા. આ ઘટના ભારતના મંદિરોમાં થેયલી સૌથી ભયાવહ દુર્ઘટનાઓ પૈકીની એક ગણાવાઈ રહી છે. આ ઘટનામાં ભીષણ આગ અને ભાગદોડ અને કાટમાળ નીચે દટાઈને મૃત્યુ પામેલા ૧૧૫ લોકોને સોમવારે સાંજના સુમારે મોડાસાના ભાજપાના કાર્યકરોએ શ્રદ્ધાંજલિ અર્પવા મહાઆરતી અને કેન્ડલ દ્વારા કાર્યક્રમ યોજાયો હતો. સોમવારે સાંજના પુત્તિંગલ દેવીના મંદિરમાં ચૈત્રી નવરાત્રિ નિમિત્તે સાંજની પૂજા અને મોડી રાત્રીના પુજા વખતે આતશબાજીના કાર્યક્રમમાં મંદિર પરિસરના ભીષણ આગ ફાટી નિકળતા ૧૧૫ લોકોના મોત નિપજ્યા હતા અને ૩૮૦થી વધુ લોકોના શરીરે ઈજાઓ પહોંચવાની સાથે કેટલાય લોકોની હાલત ગંભીર બની છે. સોમવારે સાંજના ભારતીય જનતા પાર્ટી મોડાસાના કાર્યકરો દ્વારા માલપુર રોડ પર આવેલા રોકડીયા હનુમાનજીના મંદિરે સામુહિક મહાઆરતીનું આયોજન કરી મૃતકોને શ્રદ્ધાંજલિ આપી હતી. જેમાં મોડાસા ભાજપા શહેર પ્રમુખ જગદીશ ભાવસાર, રણધીર ચૂડધર, મહેન્દ્ર મામા તેમજ ભાજપા મહિલા મોરચાની મહિલા કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી શ્રદ્ધાંજલિ અર્પી હતી. માલપુર રોડ પર આવેલા રોકડીયા હનુમાનજીના મહંતે મૃતકો માટે અને ઈજા પામેલા લોકો ઝડપથી સાજા થાય તે માટે વિશેષ પૂજાવિધિ કરી હતી.



## જેસીબી મશીન ખાડામાં ‘‘ખાડો ખોદે તે પડે’’ તે યુક્તીને સમર્થન

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના મોટી ઈસરોલ ગામે પાણી પુરવઠા વિભાગ દ્વારા પાણીની પાઈપલાઈનનું કામકાજ હાથ ધરાયું હતું અને ખાડો ખોદવા માટે જેસીબી મશીનને કામે લગાવાયુ હતુ. ત્યારે ખાડો ખોદતુ મશીન એકાએક તેના દ્વારા ખોદાયેલા ખાડામાં ખાબકતાં જુની અને જાણીતી કહેવત ‘‘ખાડો ખોદે તે પડે’’ સાર્થક જણાઈ આવી હતી. ખાડો ખોડનાર જેસીબી મશીન ખુદ ખાડામાં ખાબકતા નવીન પાઈપલાઈનનું કમકાજ અટકી જતા પાણી પુરવઠા વિભાગ દ્વારા જેસીબી મશીનને ખાડામાંથી કાઢવાની તજવીજ હાથ ધરાઈ હતી. તોતીંગ જેસીબી મશીન ખાડામાં ઉતરી જતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ધસી આવ્યા હતા.

# અરવલ્લી કલેક્ટર કચેરીના દસ્તાવેજો બન્યા પસ્તી

### આવકના દાખલા અને રેશનીંગ કાર્ડ પસ્તીમાં : અધિકારી નવી કચેરીમાં ગયા પણ દસ્તાવેજો મુકી ગયા : અરજદારોને રજળપાટ કરવાનો વારો આવ્યો

ધનસુરા, તા. ૧૨

અરવલ્લી જિલ્લાની નવી અદ્યતન કચેરી નિર્માણ પમતા અધિકારી અને કર્મચારીઓ વાતાનુકુલ કચેરીમાં સીફ્ટ થયા છે. પરંતુ સરકારી દસ્તાવેજો જૂની કચેરીમાં ભુલી ગયા છે. જેના કારણે છેલ્લા અઢી વર્ષથી ચાલતી કલેક્ટર કચેરીમાં આવકના દાખલા રેશનીંગ કાર્ડ જેવા અગત્યના દસ્તાવેજો પસ્તીમાં ફેરવાઈ ગયા છે. આ દસ્તાવેજોને મેળવવા લોકોને કચેરીઓના ધરમ ધક્કા ખાવા પડે છે. પરંતુ સરકારી બાબુઓને તેની કોઈ કિંમત ન હોય તેમ દેખાઈ આવે છે.

એસી ઓફીસમાં બેસીને કામ કરતા અધિકારીઓને પ્રજાની તકલીફની કોઈ પડી ન હોય તેમ રાજ્યના જુદા જુદા વિસ્તારોમાં બહાર આવતી લાલીયાવાળીથી જણાઈ રહ્યું છે. થોડા દિવસ અગાઉ સુરતમાં પસ્તીમાંથી આધારકાર્ડ મળી આવ્યા હતા. આજ રીતે સાબરકાંઠામાંથી સરકારી કચેરીના રબર સ્ટેમ્પ કચરાના ડબ્બામાંથી મળ્યા હતા. હવે અરવલ્લી જિલ્લો પણ તંત્રની બેદરકારીથી બાકાત રહ્યો નથી. મોડાસા મામલતદાર કચેરી અને કલેક્ટર કચેરીમાંથી આવકના દાખલા અને રેશનીંગ કાર્ડ પસ્તીમાં ફેરવાયેલા જોવા મળી રહ્યા છે. નવી ઓફીસમાં સીટ્ફ થતા જ અધિકારીઓ જરૂરી દસ્તાવેજો ભુલી ગયા અને આ દસ્તાવેજોને પસ્તી મુકી હોય તેમ રજળતા મુકી દેવાયા છે જેથી અરજદારોની મુશ્કેલીમાં વધારો થયો છે.

સરકારે આવકનો દાખલો અને રેશનીંગ કાર્ડ મેળવવા માટે અરજદારો માટે આકરા નિયમો બનાવ્યા છે. અનેક કાગળો પુરા કરી દિવસો સુધી ધક્કા ખાતા લોકોને સમયસર આવા દસ્તાવેજો મળતા નથી ત્યારે અરવલ્લી જિલ્લાના અધિકારીઓ સરકારી કામગીરીને નેવે મુકી દસ્તાવેજોને પસ્તી બનાવી દીધી છે. આવા અધિકારીઓ સામે કડક પગલા માટે જનતામાં માંગ ઉઠી છે.

# હિંમતનગર આર.ટી.ઓ. સર્કલ પાસેથી ઓવરલોડ ખનીજ ભરેલી બે ટ્રક ઝડપાઈ

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર નજીકની આર.ટી.ઓ. સર્કલ ચોકડી પરથી સોમવારે ખાણ-ખનિજ વિભાગ દ્વારા બે રેતી ભરેલા ટ્રકને બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરવાના મામલે ડીટેઈન કરી બંને વાહનોને હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશન હવાલે મુકાવ્યા છે. વિભાગ દ્વારા બંને વાહનોના માલિક વિરૂધ્ધ ઓવરલોડ ખનિજ વહન કરવાના મામલે દંડનીય કાર્યવાહી હાથ ધરાઈ છે.

હિંમતનગર ખાતેની ખાણ-ખનિજ વિભાગની કચેરીના સૂત્રો દ્વારા પ્રાપ્ત થયેલ વિગત અનુસાર સોમવારે હિંમતનગર-વિજાપુર માર્ગ પર આર.ટી.ઓ. સર્કલ ચોકડી પરથી ખનિજ વહન કરી પસાર થતાં વાહનોનું ચેકીંગ કરવા જિલ્લા ભુસ્તરશાસ્ત્રી ટી.જે.પટેલની સુચનાનુસાર ચેકીંગ ઝુંબેશ ચાલી રહી હતી. તે દરમિયાન ઓવરલોડ રેતી ખનિજ વહન કરી બે ટ્રક પસાર થતા કચેરીના નાકા કલાર્ક એ.એસ.દેસાઈએ બંને ટ્રકોને રોકી રોયલ્ટી પાસની ચકાસણી કરતા ખનિજનો વધુ જથ્થો માલુમ પડતા બંને વાહનોને ડીટેઈન કર્યા હતા.

નાકા કલાર્કે ડીટેઈન કરેલા ટ્રક નં.જીજે.૯.એવી.૭૩૪૯ અને જીજે.૨.ઝેડ.૮૪ ને ખનિજના જથ્થા સાથે હિંમતનગરના ગ્રામ્ય પોલીસ સ્ટેશન હવાલે મુકાવ્યા હતા. ખાણ-ખનિજ વિભાગ દ્વારા બિનઅધિકૃત રીતે ખનિજ વહન કરવાના મામલે બંને વાહનોના માલિકો વિરૂધ્ધ દંડનીય કાર્યવાહી શરૂ કરી છે.



## પ્રાંતિજ શાળા નં. ૨માં પૂર્વ વિદ્યાર્થીઓ દ્વારા પગરખાનુ વિતરણ

પ્રાંતિજ ખાતે આવેલ શાળા નંબર-૨માં આજ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી દ્વારા શાળાના બાળકોને પગરખાઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. પ્રાંતિજ ભાંખરીયા બસ સ્ટેશન વિસ્તારમાં આવેલ ગુજરાતી પ્રાથમિક શાળા નં. ૨ માં અભ્યાસ કરતા ૪૦૨ વિદ્યાર્થીઓને મંગળવારના રોજ આ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી અરવિંદભાઈ શાંતિલાલ શાહ કે જેવો આ શાળામાં ૫૮ વર્ષ પહેલા અભ્યાસ કરતા હતા અને ઓ.એન.જી.સી.ના કર્મચારી હતા અને હાલ નિવૃત્ત થયા છે. જેવો છેલ્લા કેટલાય વર્ષોથી આ શાળામાં વિદ્યાર્થીઓને પગરખાઓનું વિતરણ કરે છે અને આ વર્ષે પુસ્તરકોનું પણ વિતરણ કર્યુ છે. જ્યારે આ ભગીરથ કાર્યમાં શાળાના આચાર્ય કિશનસિંહ પરમાર શાળાના ભૂતપૂર્વ શિક્ષક શંભુભાઈ રાવલ, રાજુભાઈ, ભારતીબેન, પન્નાબેન તથા સ્ટાફ શિક્ષકો દ્વારા બાળકોને જરૂરિયાત નંબર મુજબ પગરખા વિતરણ કરવામાં સહાયરૂપ બન્યા હતા. જ્યારે બાળકોને નવા પગરખા મળતા તેવોના ચહેરા ઉપર સ્મિત જોવા મળ્યુ હતુ.

# શ્રીમદ ભાગવતના શ્રવણથી મનુષ્ય સંસ્કારી બને છે : સંત ચેતનરામ

### કાંકણોલ ખાતે મહાવિષ્ણુ યાગ યજ્ઞ તથા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાન યજ્ઞનો પ્રારંભ

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર નજીક આવેલ કાંકણોલ ખાતેના શંકરધામ આશ્રમમાં પરમ પૂજય બ્રહ્મનિષ્ઠ સદગુરૂ શંકર મહારાજ ઉનાવાળા પ્રેરિત મહાવિષ્ણુ યાગ યજ્ઞ તથા શ્રીમદ ભાગવત કથામૃત જ્ઞાન યજ્ઞનો પ્રારંભ થયો છે. શ્રીમદ ભાગવતના શ્રવણથી મનુષ્ય સંસ્કારી બને છે એમ સંત ચેતનરામ મહારાજે જણાવ્યુ હતું.

કાંકણોલ ખાતેના શંકરધામ આશ્રમમાં ૯ મી એપ્રિલ શનિવારથી શરૂ થયેલ શ્રીમદ ભાગવત કથામૃતનું શ્રવણ પાન કરવા માટે આસપાસના ગામડાઓમાંથી મોટી સંખ્યામાં શ્રધ્ધાળુઓ આવી પહોંચે છે. સવારે ૮.૩૦ થી શ્રીમદ ભાગવત કથામૃતના પ્રારંભ સાથે જ હરિચિંતન અને કિર્તનાભ્યાસથી કથા શરૂ થાય છે. આ અંગે કથાના મુખ્ય યજમાન તરીકે પટેલ મનહરભાઈ મોહનભાઈ તથા યજ્ઞના યજમાન તરીકે પટેલ નારાયણભાઈ રેવાભાઈ ઉપસ્થિત રહ્યા છે.

સપ્તાહ દરમિયાન શનિવારે નીકળેલી શોભાયાત્રામાં મોટી સંખ્યામાં શ્રધ્ધાળુ હરિભકતો જોડાયા હતા. શ્રીમદ ભાગવતનું મહાત્મય અને ગૌરવ, મુનિશ્રી સુખદેવજી તથા રામ પરિક્ષિતની કથા, ધ્રુવ ચરિત્ર, વામન તથા નરસિંહ અવતાર, રામ અને કૃષ્ણ જન્મોત્સવ, નંદ મહોત્સવ અને ગોવર્ધન પૂજા, શ્રીકૃષ્ણ રાસોત્સવ અને રૂક્ષ્મણી વિવાહનું આયોજન કરાયુ છે.

૧૫ મી એપ્રિલને શુક્રવારે બપોરના સુમારે કથાની પૂર્ણાહૂતિ કરવામાં આવશે. કાર્યક્રમને સફળ બનાવવા માટે શંકરધામ આશ્રમના સેવકો તથા કાંકણોલ ગામના ગ્રામજનો ભારે જહેમત ઉઠાવી રહ્યા છે.

# ડિસામાં પદ્મશ્રી ડાહ્યાભાઈ શાસ્ત્રીનો સન્માન સમારોહ યોજાયો

પાલનપુર, તા. ૧૨

રાષ્ટ્રપતિ પ્રણવ મુખર્જીના વરદહસ્તે તાજેતરમાં જેમને રાષ્ટ્રના શ્રેષ્ઠ પદ્મશ્રી એવોર્ડથી સન્માનીત કરવામાં આવ્યા હતા તોવા બ્રહ્મર્ષિ સાંસ્કારધામ નડીયાદના પ્રણેતા પૂ. ડાહ્યાભાઈ શાસ્ત્રીનો અભિવાદન સમારોહ ડીસા ખાતે યોજાયો હતો.

મંગળાગૌરી વૈકુંઠલાલ વ્યાસ ચેરિટેબલ ટ્રસ્ટના કનુભાઈ વ્યાસ દ્વારા આયોજીત આ સન્માન સમારંભમાં રાજ્યના મંત્રી શંકરભાઈ ચૌધરી, સંસદ સભ્ય દિલીપભાઈ પંડ્યા, અગ્રણી દિલીપભાઈ દેશમુખ, જિલ્લા પંચાયતના પ્રમુખ દિનેશભાઈ દવે, યાત્રાધામ વિકાસ બોર્ડના ડાયરેક્ટર ગણપતભાઈ જોષી, સમસ્ત બ્રહ્મસમાજના પ્રમુખ શૈલેષભાઈ જોષી, હરગોવિંદભાઈ જોષી, રાજેન્દ્રભાઈ જોષી વિગેરે અગ્રણીઓની ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ડીસા સહિત સમગ્ર બનાસકાંઠાના બ્રહ્મસમાજ સહિત વિવિધ સમાજોના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે પૂ. ડાહ્યાભાઈ શાસ્ત્રીએ સન્માનના પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે આ પદ્મશ્રી એવોર્ડ તમામ જ્ઞાની સતપુરૂષ જેવા અગ્રણીઓ વતી મને એનાયત થયો છે. વર્તમાન દેશની પરિસ્થિતિમાં સામાજીક સમરસતાની આજે તાતી જરૂરીયાત છે તેમ જણાવી તેમણે કહ્યું હતું કે બ્રહ્મસમાજે આ કાર્યની આગેવાની લઈ રાષ્ટ્રના સામાજીક તાણાવાણાને એકત્રીત રાખવા જોઈએ. આ પ્રસંગે શંકરભાઈ ચૌધરી સહીત અગ્રણીઓએ પૂ. ડાહ્યાભાઈ શાસ્ત્રીના સાંસ્કૃતિક પ્રદાનને બિરદાવ્યુ હતુ. ડૉ. નાગરે આભારવિધિ કરી હતી.

## ખેડબ્રહ્મામાં જમવા બાબતે સામસામી ફરિયાદ

હિંમતનગર, તા. ૧૨

ખેડબ્રહ્મા શહેરમાં આવેલ દરબાર લોજમાં રવિવારે રાત્રે રવિભાઈ કાળુભાઈ દેવીપૂજક તથા અન્ય ત્રણ વ્યકિત જમવા ગયા હતા. ત્યારે રવિભાઈએ પરોઠા માગતા પ્રવિણસિંહ જુજારસિંહ સોલંકીએ પરોઠા નથી તેમ કહેતા રવિભાઈ ઉશ્કેરાઈ જઈ ગાળો બોલી હતી. જેમાં અન્ય ત્રણ વ્યકિતઓએ ઉપરાણું લઈ જુજારસિંહને માર મારી ઈજાઓ પહોંચાડી હતી. જે અંગે પ્રવિણસિંહે રવિભાઈ દેવીપૂજક સહિત ચાર જણા વિરૂધ્ધ ફરિયાદ નોંધાવી હતી.




અરવલ્લી જિલ્લા ભાજપના નવા વરાયેલા પદાધિકારીઓની કારોબારી બેઠક મોડાસા ખાતે યોજાઈ હતી. જેમાં રાષ્ટ્રીય મહામંત્રી સહિત પ્રદેશ અને જિલ્લાના અગ્રણી નેતાઓ અને કાર્યકરો હાજર રહ્યા હતા. જિલ્લા ભાજપ કારોબારી બેઠકમાં રાષ્ટ્રીય મહામંત્રી વી. સતીષજી ખાસ ઉપસ્થિત રહ્યા હતા. અને માત્ર ૧૧ કાર્યકરોથી શરૂ થયેલી આ પાર્ટી આજે ૧૧ કરોડ સભ્યો ધરાવે છે જે પાર્ટીની તાકાત છે અને ભાજપ એ કાર્યકરોની પાર્ટી છે. તેમ જણાવી જિલ્લાના નવા વરાયેલા હોદ્દેદારો કારોબારી સભ્યોને અભિનંદન પાઠવ્યા હતા. આ બેઠકમાં રાજ્ય સરકાર તેમજ કેન્દ્ર સરકારને અભિનંદન આપતો અભિનંદન પ્રસ્તાવ પાસ કરવામાં આવ્યો હતો. સાથે સાથે કેટલાક રાજકીય પ્રસ્તાવો પણ પાસ કર્ય હતા. આ કારોબારી બેઠકમાં જિલ્લા પ્રમુખ રણવીરસિંહ ડાભી, પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દલસાણિયા, કે.સી. પટેલ, મંત્રી રજનીભાઈ પટેલ, હર્ષદગીરી ગોસ્વામી, દિલીપસિંહ પરમાર, સાંસદ દિપસિંહ રાઠોડ, શામળભાઈ પટેલ, એસ.એમ. ખાંટ, ધીમંતભાઈ પટેલ વગેરે હાજર રહ્યા હતા.

## તેજપુરા પાસે બાઈક પરથી પટકાતા એકનું મોત

હિંમતનગર, તા. ૧૨

હિંમતનગર તાલુકાના તેજપુરા ગામની સીમમાં તેમજ નવલપુર પાટિયા પાસે શનિવારે થયેલા બે માર્ગ અકસ્માતના બનાવમાં એક વ્યકિતનું સારવાર દરમિયાન મોત નિપજયું હતું. બંને ઘટનાઓમાં ત્રણ જણાને નાની મોટી-ઈજાઓ પહોંચતા સારવાર માટે ખસેડાયા હતા. બનાવ અંગે હિંમતનગર ગ્રામ્ય પોલીસે વાહન ચાલકો વિરૂધ્ધ ગુના નોંધી વધુ તપાસ હાથ ધરી છે. તેજપુરા ગામની સીમમાં થયેલા અકસ્માતના બનાવ અંગે પ્રાપ્ત વિગત અનુસાર તાલુકાના કઠવાડીયા ગામના રહીશ રાજદિપસિંહ નરેન્દ્રસિંહ ઝાલા શનિવારે મોટર સાયકલ નં. જીજે.૦૯.સીઆર.૦૨૩૬ પુરઝડપે હંકારી આવી રહ્યા હતા ત્યારે સામેથી આવતા વાહનની લાઈટના અજવાળે અંજાઈ જતા એકદમ બ્રેક મારી હતી. બ્રેક મારતા સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા બાઈક પરથી રોડ પર પટકાતા બાઈક પર પાછળ બેઠેલા પ્રદિપસિંહ ભુપતસિંહ ઝાલાને માથામાં ગંભીર ઈજાઓ થઈ હતી.

# સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા તાલુકાના પ્રમુખ અને મહામંત્રી નિમાયા

હિંમતનગર, તા. ૧૨

સાબરકાંઠા જિલ્લા ભાજપ દ્વારા સોમવારે હિંમતનગરના કાંકણોલ પાસે આવેલ સચ્ચિદાનંદ સત્સંગ હોલ ખાતે જિલ્લાના પ્રમુખ, મહામંત્રી અને સંગઠનના ઉપપ્રમુખ તથા મંત્રીની જાહેરાત કરાઈ હતી. જોકે ભાજપ દ્વારા કરાયેલી જાહેરાતમાં હિંમતનગર અને પ્રાંતિજ શહેરના હોદ્દેદારોની જાહેરાત કરાઈ ન હતી.

ઉલ્લેખનીય છે કે તા.૧૮ એપ્રિલ સુધીમાં વિવિધ મંડલોની રચના કરાયા બાદ તા.૨૦ એપ્રિલે ગાંધીનગર ખાતે યોજાયેલ સમરસતા સંમેલનમાં સાબરકાંઠા જિલ્લાના અનેક કાર્યકર્તાઓ ભાગ લેશે. જેમાં તા.૧૪ થી ૨૪ એપ્રિલ સુધી ભાજપ દ્વારા ઉજવાનાર ગ્રામ ઉદયથી ભારત ઉદય કાર્યક્રમમાં સરકારની યોજનાઓને ગામડાઓ સુધી લઈ જવાશે. હિંમતનગર અને પ્રાંતિજ શહેરની જાહેરાત હવે પછી કરાશે.

જિલ્લા ભાજપ દ્વારા સોમવારે ૨૪ પ્રમુખ-મહામંત્રીઓની જાહેરાત કરાઈ છે ત્યારે તેમાં હાલના તબક્કે હિંમતનગર શહેર, તાલુકો તથા પ્રાંતિજ શહેરના પ્રમુખ અને મહામંત્રીની જાહેરાત અગમ્ય કારણોસર કરાઈ નથી. જે અંગે કાર્યકર્તાઓમાં પણ અનેક તર્કવિતર્ક શરૂ થયા છે.

● જિલ્લા સંગઠનમાં કોણ નિમાયા

વિજયભાઈ લાભશંકર પંડયા (ઉપપ્રમુખ), ભગવાનદાસ ધુળાભાઈ પરમાર (ઉપપ્રમુખ), બંસીલાલ ભુલેશ્વરભાઈ મહેતા (ઉપપ્રમુખ), જશુભાઈ બાબુભાઈ ખરાડી (ઉપપ્રમુખ), પ્રેમલભાઈ દલજીભાઈ દેસાઈ (ઉપપ્રમુખ), દોલતસિંહ રૂપસિંહ ઝાલા (ઉપપ્રમુખ), ચંદ્રકાન્ત ભીખાભાઈ પટેલ (ઉપપ્રમુખ), ચેતનાબેન હિતેન્દ્રભાઈ પટેલ (ઉપપ્રમુખ), પ્રવિણસિંહ જગદેવસિંહ રહેવર (મંત્રી), પ્રવિણભાઈ ત્રિભોવનદાસ પટેલ (મંત્રી), ભગવતીબેન જગદીશચંદ્ર સુથાર (મંત્રી), વિણાબેન ત્રિલોકભાઈ ભોજક (મંત્રી), ફાલ્ગુનીબેન વિપુલભાઈ ઠક્કર (મંત્રી), રીટાબેન દિલીપભાઈ ભોઈ (મંત્રી), તાલુકાના મહામંત્રી અને પ્રમુખ નિમાયા, અનિલભાઈ નારાયણભાઈ પંચાલ (મહામંત્રી, ઈડર શહેર), પિયુષ રવિશંકર દવે (મહામંત્રી, ઈડર શહેર), બાલુભાઈ તલજીભાઈ પરમાર (મહામંત્રી, ઈડર તાલુકો), અનિલભાઈ જીતાભાઈ પટેલ (મહામંત્રી, ઈડર તાલુકો), ચંદુભાઈ અંબાલાલ સગર (વડાલી શહેર પ્રમુખ), નટુભાઈ છગનભાઈ પટેલ (મહામંત્રી વડાલી શહેર), દિપકભાઈ ડાહ્યાભાઈ તરાર (મહામંત્રી વડાલી શહેર), રમેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલ (પ્રમુખ વડાલી તાલુકો), રવિન્દ્રભાઈ સીતારામભાઈ બારોટ (મહામંત્રી વડાલી તાલુકો), રાજેન્દ્રભાઈ બાદરભાઈ પટેલ (મહામંત્રી વડાલી તાલુકો), અરવિંદભાઈ રામજીભાઈ ઠક્કર (મહામંત્રી ખેડબ્રહ્મા શહેર), કમલેશ હરિશંકરભાઈ જોષી (મહામંત્રી ખેડબ્રહ્મા શહેર), હિતેન્દ્રસિંહ કરણસિંહ ચૌહાણ (મહામંત્રી ખેડબ્રહ્મા તાલુકો), રામાભાઈ શેનાભાઈ તરાલ (મહામંત્રી ખેડબ્રહ્મા તાલુકો), ખેતાભાઈ સાંજાભાઈ ગમાર (પ્રમુખ પોશીના તાલુકો), સોમજીભાઈ નાનજીભાઈ ખેર (મહામંત્રી પોશીના તાલુકો), રૂમાલભાઈ અરજણભાઈ ધ્રાંગી (મહામંત્રી ખેડબ્રહ્મા તાલુકો), જયંતિભાઈ લધ્ધાભાઈ પટેલ (મહામંત્રી વિજયનગર તાલુકો), માવજીભાઈ સગરામભાઈ ડામોર (મહામંત્રી વિજયનગર તાલુકો), અશોકભાઈ વાડીલાલ શાહ (મહામંત્રી તલોદ શહેર), વિનોદભાઈ પુરૂષોત્તમભાઈ પટેલ (મહામંત્રી તલોદ શહેર), રાજેશભાઈ મણીભાઈ પટેલ (પ્રમુખ પ્રાંતિજ તાલુકો), બળવંતભાઈ ગોપાલભાઈ પટેલ (મહામંત્રી પ્રાંતિજ તાલુકો), વિનુસિંહ બાદરસિંહ ઝાલા (મહામંત્રી પ્રાંતિજ તાલુકો)